સૌરાષ્ટ્ર આજતક

રાજકોટના સામાકાંઠે વિસ્તારમાં ચાંદીના વેપારીના મકાનમાંથી ૧૨૬ કિલો ચાંદીની ચોરી

વેપારીએ પોતાના અન્ય એક મિત્રના ઘરે ચંપકનગરમાં ચાંદીનો જથ્થો રાખ્યો હતો : જાણ ભેદુ હોવાની શંકા

તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટના સામાકાંઠા વિસ્તારમાં ચાંદીના વેપારીને ત્યાં મકાનમાં ઘુસી ઘરમાં રાખેલી ૫૦ ટચની આશરે ૧૨૬ કિલો ચાંદીની ચોરીની ઘટના પ્રકાશમાં આવતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. આ ચોરીના બનાવ અંગે બી-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ચોરીના બનાવમાં ચાંદીના વેપારીએ પોતાના અન્ય એક મિત્રના ઘરે ચંપકનગરમાં આ ચાંદીનો જથ્થો સુરક્ષીત રાખ્યો હોય ત્યાં ચોરી થતાં આ બેદભર ભરેલી ઘટનામાં પોલીસે તપાસ શરૂ કરી છે. અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા સાથે ડીસીપી ક્રાઈમ જગદીશ બાગરવા, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ સહિતનાં અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતાં. મળતી વિગતો મુજબ રાજકોટ શહેરનાં સામાકાંઠે બાલક હનુમાન મંદીર નજીક પેડક રોડ પર ખત્રીની વાડી પાસે રણછોડનગરમાં બીપીનભાઈ ને ત્યાં તેમના મિત્ર જે.બી. સિલ્વરના અતુલભાઈ લીલાભાઈ પટેલે પોતાની ૫૦ ટચની ૧૨૬ કિલો ચાંદીનો જથ્થો રાખ્યો હતો ત્યારે આ ચાંદીનો જથ્થો ચોરી થતાં આ અંગે અતુલભાઈ એ ધારાસભ્ય ઉદયભાઈ કાનગડને જાણ કરી હતી. તેમજ પોલીસને જાણ કરતાં બી-ડીવીઝન પોલીસ મથકના પીઆઈ વાઘેલા સાથે ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર તથા સી.એચ.જાદવ અને તેમની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળતી માહિતી મુજબ, રાજકોટના સામાકાંઠે રહેતા ચાંદીના મોટા વેપારી અતુલભાઈ લીલાભાઈ પટેલે પોતાના પાસે રહેલી ચાંદી સુરક્ષીત રાખવા માટે તેમના મિત્ર ચંપકનગરમાં રહેતા બિપીનભાઈ પટેલનો સંપર્ક કર્યો હતો. બિપીનભાઈ પટેલે પોતાના ઘરે આ ચાંદીનો જથ્થો સાચવીને રાખ્યો હતો. બિપીનભાઈ કે જે ચંપકનગરમાં રહેતા હોય તેમના ઉપરના રૂમમાં કારીગરો રહે છે જ્યારે નીચેના રૂમમાં આ ચાંદીનો જથ્થો સુરક્ષીત રાખ્યો હતો. આ ચાંદીના જથ્થાને તસ્કરો ચોરી ગયા હતાં. બિપીનભાઈના ઉપરના રૂમમાં કારીગરો સુતા હોય ત્યારે નીચેના રૂમમાં આ જથ્થો રાખ્યો હોય તે રૂમના તાળા તોડી તસ્કરો ૫૦ ટચની ૧૨૬ કિલો ચાંદી તસ્કરો ચોરી ગયા હતાં.

ક્રાઈમ બ્રાંચ સાથે સ્થાનિક બી-ડીવીઝન પોલીસ તેમજ એલસીબી અને એસઓજીની ટીમે પણ તપાસમાં ઝંપલાવ્યું છે. સ્થાનિક પોલીસમાં આ મામલે અશ્વિનભાઈ લીલાભાઈ પટેલે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

સામાકાંઠે ચંપકનગરમાં રહેતાં બિપીનભાઈને ત્યાં થયેલી ચોરીની ઘટનામાં અતુલભાઈ લીલાભાઈ પટેલની ૫૦ ટચ ૧૨૬ કિલો ચાંદીની ચોરી થઈ હોય આ ચોરીમાં કોઈ જાણભેદૂ હોવાની શંકા વ્યકત કરવામાં આવી રહી છે.

ઘટના સ્થળ આસપાસ એક ક્રેટા કાર કાર કુવાડવા રોડ તરફથી આવતી હોવાનું સીસીટીવી કેમેરામાં કેદ થતાં આ દિશામાં પોલીસની અલગ અલગ ટીમો આ કારની તલાસમાં લાગી છે ઉપરાંત હાઈવે પરનાં સીસીટીવી ફુટેજ પણ મેળવવામાં આવી રહ્યાં છે. ક્રાઈમ બ્રાંચ સહિતની પોલીસની અલગ અલગ ૧૦ થી વધુ ટીમ આ ચોરીનો ભેદ ઉકેલવા માટે કામે લાગી છે.

રાજકોટના તબિબ સાથે રૂા. ૫૦.૭૫ લાખની ઓનલાઇન ઠગાઇના ગુનામાં આરોપી પકડાયો

તબિબ યુવાનને ઓસ્ટ્રેલિયામાં નોકરી અને વિઝાની લાલચ આપી રૂપિયા પડાવ્યા હતા

રાજકોટ,

રાજકોટના તબિબને ઓસ્ટ્રેલીયાની રોયલ એડીલેડ હોસ્પિટલમાં નોકરી તથા ઓસ્ટ્રેલિયાના વિઝા અપાવવાના બહાને રૂા. ૫૦.૭૫ લાખની ઓનલાઈન ઠગાઈ કરવાના ગુનામાં શહેર સાયબર ક્રાઈમ પોલીસે મધ્યાપ્રદેશ ગ્વાલીયરના મહાલ ગામે શેરી નં. ૩માં રહેતાં વિવેક કલ્લુભાઈ કુશવાહ (ઉ.વ.૨૦)ને પકડી લીધો છે.

આરોપીએ પોતાને રોયલ એડીલેટ હોસ્પિટલ ઓસ્ટ્રેલીયાના તથા વિઝા એજન્સીના કર્મચારીની ઓળખ આપી રાજકોટના ડો. ચિન્મય પ્રકાશભાઈ ત્રિવેદી સાથે રૂા. ૫૦,૭૫,૦૦૦ની ઠગાઈ કરી લીધી હતી. શહેર સાયબર ક્રાઈમ પોલીસની તપાસમાં ફ્રોડની રકમ જે જે બેંક ખાતામાં ટ્રાન્સફર થઈ તેની તપાસ શરૂ કરતાં ગ્વાલીયરના વિવેકનું નામ ખુલ્યું હતું. તેના આધારે તેને પકડી લેવાયો છે. આ યુવાન ઈલેક્ટ્રીશીયન તરીકે કામ કરે છે. જે ઠગાઈ થઈ હતી તેમાંથી અમુક રકમ આ શખ્સના બેંક ખાતામાં જમા થઈ હોઈ તેના આધારે તેને પકડી લઈ વિશેષ પુછપરછ હાથ ધરવામાં આવી છે.

આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી સી. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ પીઆઈ જે. એમ. કૈલા, પીઆઈ એસ. ડી. ગીલવા અને ટીમના એએસઆઈ જે. એમ. બોસીયા, હેડકોન્સ. વિજયસિંહ જાડેજા, કોન્સ. સાગરભાઈ સાગઠીયા, હરેશભાઈ સાવલીયા, કિશોરભાઈ રંગાણી સહિતે સાયબર સેન્ટિનલ સેલની પણ મદદ લઈ ટેકનિકલ તપાસ કરવામાં આવી, જેના આધારે આરોપીને મધ્યપ્રદેશમાંથી ઝડપી પાડવામાં આવ્યા છે. ૫૦ લાખ ૭૫ હજારની ઠગાઈ પૈકીના ૧.૫૦ લાખ રૂપિયા આ શખ્સેના ખાતામાં જમા થયા હોવાની વિગતો ખૂલી હતી

રાજકોટમાં બહેનને હેરાન કરતા યુવાનને ભાઈએ સરાજાહેર વેંતરી નાખ્યો હતો

રાજકોટના સ્પીડવેલ ચોકમાં થયેલી હત્યામાં આરોપીની ધરપકડ

રાજકોટ,

રાજકોટ શહેરમાં વધુ એક હત્યાની ઘટનાથી પોલીસ દોડતીથી થઈ ગઈ હતી. જેમાં રાજકોટ શહેરમાં અંકુર વિદ્યાલય પાસે રહેતા યુવકને માળિયા હાટીનાના ખોરાસા ગામે રહેતા શખ્સે છરીના સાતેક ઘા ઝીંકી હત્યા નિપજાવી હતી.જેમાં આરોપીએ પોતાની બહેનને મૃતક હેરાન કરતો હોવાનો શંકાએ આ હત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે.

વધુ વિગતો મુજબ,રાજકોટના સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક ગઈકાલે સાંજે સરાજાહેર નિલેશ હરિભાઈ ધોકીયા (ઉ.વ.૪૩)ની આરોપી મહેશ દિનેશ જેઠવા (રહે. ખોરાસા ગામ, તા. માળીયા હાટીના)એ છરીના અડધો ડઝનથી વધુ ઘા ઝીંકી હત્યા નિપજાવ્યાનો બનાવ તાલુકા પોલીસમાં જાહેર થયો હતો.આ ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસના પીઆઈ ડી.એમ.હરિપરા,પીએસઆઈ બોગાભાઈ ભરવાડ એલસીબી ઝોન.૨ના પીએસઆઈ ઝાલા અને સ્ટાફ ત્યાં પહોંચી ગયો હતો અને પોલીસે ટીમો બનાવી ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લઈ પૂછપરછ કરતાં પોતાની પરિણીત બહેનને મૃતક હેરાન કરતો હોવાથી પતાવી દીધાની કબુલાત આપી છે.

તાલુકા પોલીસની તપાસમાં ખુલ્યા પ્રમાણે નિલેશ આરોપી મહેશની પરિણીત બહેન પ્રજ્ઞાને મેસેજ કરી કે બીજી કોઈ રીતે હેરાન કરતો હતો. જેને કારણે બંને વચ્ચે અગાઉ પણ માથાકૂટ થઈ હતી. ફરીથી નિલેશે આરોપી મહેશને સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક વાતચીત કરવા માટે બોલાવ્યો હતો.

જયાં પહોંચ્યા બાદ નિલેશ એક વોટરફુલરમાં પાણી પી થોડો આગળ પહોંચ્યો તે સાથે જ પાછળથી ઘસી આવેલા આરોપી મહેશે તેને પાછળના ભાગે છરીના બે જેટલા ઘા ઝીંકી દેતાં નીચે પટકાયા બાદ ફરીથી છરી વડે તૂટી પડયો હતો.

આ રીતે છરીના અડધો ડઝનથી વધુ ઘા ઝીંકી નિલેશને મોતને ઘાટ ઉતારી દીધો હતો. ત્યાર બાદ બાઈક લઈને ભાગી ગયો હતો. પોલીસે અંકુર વિદ્યાલય પાસે ગુરૂપ્રસાદ ચોક નજીક વૃંદાવન સોસાયટીમાં રહેતા મૃતકના ભાઈ રમેશ હરિભાઈ ધોકિયા(ઉ.૪૫)ની ફરિયાદ પરથી મહેશ દિનેશ જેઠવા સામે ખૂનનો ગુનો નોંધ્યો હતો. બનાવ બન્યો ત્યારે રમેશ કોઝી કોર્ટ યાર્ડ ખાતે ફર્નિચર કામ કરતો હતો. તેના ફઈબાના પુત્ર નરેશ ટાંકે ઘટના અંગે જાણ કરતાં સ્થળ પર દોડી ગયો હતો. જોયું તો તેનો ભાઈ લોહીલુહાણ હાલતમાં પડયો હતો. ૧૦૮ના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.ત્યારબાદ તેમના મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો.પોલીસે જણાવ્યું કે આરોપી મહેશ ફેબ્રિકેશનનું કામ કરે છે. હાલ તેની રાજકોટમાં સાઈટ ચાલુ છે. હત્યાનો ભોગ બનનાર નિલેશ અંકુર વિદ્યાલય મેઈન રોડ પર વૃંદાવન સોસાયટી શેરી નં.૪માં રહેતો હતો અને ફર્નિચરનું કામ કરતો હતો. સંતાનમાં તેને ૧૫ વર્ષનો પુત્ર અને ૧૩ વર્ષની પુત્રી છે. તેની સાથે તેની પત્ની ભાવના, ભાઈ રમેશ, માતા મધુબેન રહે છે. હત્યા કરીને મહેશ તુરંત જ બાઈક લઈને ફરાર થઈ ગયો હતો. માહિતી મળી જતાં તત્કાળ પોલીસે તેને ગાંધીગ્રામ વિસ્તારમાંથી ઝડપી લીધો હતો. હત્યાની આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ ગઈ હતી.

રાજકોટના શાપર-વેરાવળમાં જૂગાર રમતા ૮ પકડાયા

રાજકોટ,

રાજકોટના શાપર-વેરાવળ પોલીસે વેરાવળ ગામે રેઈડ કરી જાહેરમાં જૂગાર રમતા ૮ શખ્સો ને ઝડપી લીધા હતાં.

પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર રાજકોટ ગ્રામ્યએ પ્રોહી તથા જુગારની બદી નાબુદ કરવા સૂચના કરેલ હોય જેના અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક ગોંડલ કે.જી.ઝાલા માર્ગદર્શન હેઠળ શાપર(વે) પો.સ્ટેકના પોલીસ ઈન્સ.આર.બી.રાણા ના રાહબરી હેઠળ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગ મા હતા તે દરમ્યાન પો.કોન્સ. રાજદીપસિહ જાડેજા મળેલ હકીકત આધારે વેરાવળગામ બુધ્ધાનગર પાણીના અવેડા પાસે રેઈડ કરી જાહેરમાં જૂગાર રમતા આરોપી (૧) રશીક ટપુભાઈ સોલંકી રહે.ગોવીંદનગર વેરાવળગામ (૨) અરજણ નાજાભાઈ ગળચર રહે.વેરાવળગામ બુધ્ધકનગર(૩) ગુણવંત હંસરાજભાઈ ગોહેલ રહે વેરાવળ ગ્રામ પંચાયત પાસે, (૪) કાન્તી ખીમજીભાઈ ડાભી રહે.બુધ્ધનગર વેરાવળગામ, (૫) ભુપત મુંજાભાઈ રાઠોડ રહે. ગોવીંદનગર સર્વોદય સોસાયટી, (૬) સુરેશ ભાયાભાઈ પરમાર રહે.બુધ્ધવનગર વેરાવળગામ, (૭) વિજયભાઈ બાવનજીભાઈ વાઢેર, રહે. ગોવીંદનગર વેરાવળગામ, (૮) વિપુલભાઈ ચનાભાઈ પરમાર જાતે અનુ.જાતી. ઉ.વ.૩૪, રહે.બુધ્ધ નગર વેરાવળ ગામને રોકડા રૂા. ૧૨,૪૫૦ તથા ગંજીપતા સાથે ઝડપી લીધા હતાં.આ કામગીરી શાપર-વેરાવળ પો. સ્ટે.ના પો.હે.કોન્સ.દીનેશભાઈ ખાટરીયા, જગશીભાઈ ઝાલા, પો.કોન્સ લગધીરસિંહ જાડેજા, અલ્પેશભાઈ ડામસીયા, રાજદિપસિહ જાડેજા, વિમલભાઈ વેકરીયા, દિવ્યેશભાઈ શામળા,મનસુખભાઈ ચૌહાણ વિગેરે કરી હતી.

બેંગ્લોરથી માતાને મળવા રાજકોટ આવેલા પુત્રનું હાર્ટએટેકથી મોત

રૈયા ટેલીફોન એક્સચેન્જ પાસે યુવાન પાણી પીવા ઉભો થયો ને ઢળી પડ્યો

રાજકોટ,

રાજકોટ શહેરમાં હાર્ટએટેકથી વધુ બે લોકોના મોત નીપજયા છે. જેમાં પ્રથમ ઘટનામાં સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે આવેલા શ્યામલ સ્કાયમાં રહેતા રાજ ઉર્ફે રાજકુમાર જમનાદાસ ત્રંબાળીયા (પટેલ) (ઉ.વ.૪૭) ગઈકાલે પોતાના ઘરે અચાનક બેભાન થઈ જતા તેમને હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. બેંગ્લોરની કંપનીમાં કામ કરે છે અને તેમને સંતાનમાં એક દીકરો છે. તેઓ બે દિવસ પહેલા માતાના ઘરે આવ્યા હતા અને તેમને કમળાની બીમારી થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાથી રજા આપ્યા બાદ તેમનું હાર્ટએટેકથી મૃત્યુ નીપજ્યુ છે.

પોલીસમાંથી જાણવા મળ્યુ હતુ કે રાજકુમારના પિતા જમનાદાસ ઉપલેટામાં મોટા ડોક્ટર હતા.તેઓ ગરીબોના બેલી તરીકે ઓળખાતા હતા. ઉપલેટામાં તેમની પ્રતિમા પણ મુકવામાં આવી છે.જયારે બીજા બનાવમાં રૈયાટેલીફોન એકસચેન્સ પાસે તુલસી એપાટમેન્ટમાં રહેતા કમલેશભાઈ રમેશભાઈ જેઠાણી (ઉ.વ.૩૭) પોતાના ઘરે પાણી પીવા ઉભા થાય બાદ અચાનક ઢળી પડતા તેમને બેભાન હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા તેમને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. કમલેશ નાઈટ ડ્રેસનો વેપાર કરતો હતો અને બે ભાઈમાં નાનો હતો. તેમજ તેમનુ હાર્ટએટેકથી મોત નીપજયાનુ જાણવા મળે છે.

જયારે અન્ય બનાવમાં નવાગામ રંગીલા સોસાયટીમાં રહેતા ૮૪ વર્ષના રાજાભાઈ મકવાણા શ્વાસની બીમારી સબબ બેભાન થતા તેમનુ મોત નીપજયુ હતુ. તેમજ ગંજીવાડામાં રહેતા રામજીભાઈ શામતભાઈ સરવૈયા (ઉ.વ.૪૧) જેઓ છેલ્લા ચાર દિવસથી ભોજન લેતા ન હતા અને તેમનુ ગઈકાલે બપોરના સમયે બેભાન થતા જતા તેમનુ મોત નીપજયુ હતું. તેમજ જામનગર રોડ પર મોરબી હાઉસ પાસે રહેતો સંજય ભાઈ પરમાર (ઉ.વ.૫૩) ધરમનગર આવાસ યોજના ક્વાર્ટર પાસે હતો ત્યારે અચાનક બેભાન થઈ જતા તેમને સારવાર માટે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા સંજયભાઈને દારૂ પીવાની ટેવ હતી અને તેમને સંતાનમાં બે દીકરા છે.

પડધરી સોમવારી બજારમાં કપડા વેંચવા જતા વૃધ્ધનું ઇકો કાર હડફેટે મોત

રાજકોટ,

રાજકોટ શહેરના માધાપર ચોકડી પાસે રહેતા વૃધ્ધ બાઈક લઈ પડધરીમાં ભરાતા સોમવારી બજારમાં કપડા વેંચવા જતા હતા ત્યારે પડધરી નજીક ઈકો કારના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર રીતે ઘવાયેલા વૃધ્ધને સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં ખસેડાતા તેમનુ સારવાર દરમ્યાન મોત નીપજયુ હતું.

જાણવા મળતી વિગત મુજબ રાજકોટના માધાપર ચોડકી નજીક નવી કોર્ટ સામે સીંધી સોસાયટીમાં રહેતા સતીષભાઈ મોહનભાઈ ચાવલા (ઉ.વ.૭૫)નમના વૃધ્ધ ગત તા.૨ના બપોરે પોતાનુ બાઈક લઈ જતા હતા.ત્યારે પડધરી બાયપાસ નજીક ઈકો કારના ચાલકે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં વૃધ્ધને માથાના ભાગે તા શરીરે ગંભીર ઈજા થતા સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા તેમનુ સારવાર દરમ્યાન આજે સવારે તેમનુ મોત નીપજયુ હતું. પ્રાથમિક તપાસમાં મૃતક ત્રણભાઈ ચાર બહેનમાં વચેટ અને તેમને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે. તેઓ કપડાનો વેપાર કરતા હોય પડધરીમાં ભરાતી સોમવારી બજારમાં કપડા વેચવા જતા હતા ત્યારે અકસ્માત નડતા તેમનુ મોત થયુ હતુ આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. પડધરી પોલીસને જાણ થતાં કાર્યવાહી હાથ ધરી હતી.

રાજોત કાલાવડ રોડ પર ઇસ્કોન મંદિર વિસ્તારમાં છાત્ર ઉપર મિત્રનો સાણસી-હથોડીથી હુમલો

'તુંમારા ઘરે શું કરે છે' ? તેમ કહી માર મારતા સારવારમાં દાખલ

રાજકોટ,

રાજકોટ શહેરની ભાગોળે નવાગામમાં રહેતો ધો.૧૧નો છાત્ર કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિર પાછળ આવેલા તેના મિત્રના ઘરે હતો ત્યારે મિત્રએ આવી 'તુ મારા ઘરે શુ કરે છે'? તેમ કહી સાણસી અને હથોડી વડે હુમલો કરી માર મારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

જાણવા મળતી વિગત મુજબ નવાગામ હાઉસિંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતો સુજલ ચંદુભાઈ ચાવડા (ઉ.વ.૧૭)નામનો સગીર આજે સવારે કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિર પાછળ આદીત્ય સોસાયટીમાં તેના મિત્ર અંશ ડોડીયાના ઘરે હતો ત્યારે મિત્ર અંશે સાણસી અને હથોડી વડે માર મારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

પ્રાથમિક તપાસમાં સુજલ ધો.૧૧માં અભ્યાસ કરે છે. આરોપી અંશ તેનો મિત્ર છે. આજે અંશે સુજલને ફોન કરી અમારે પતિ, પત્ની વચ્ચે ઝઘડો થયો છે. તુ ઘરે આવ તેમ કહેતા સુજલ તેના ઘરે ગયો હતો. ત્યારે અંશ તેના ઘરે ન હતો બાદમાં તે ઘરે આવતા સુજલને 'તુ મારા ઘરે શુ કરે છે'? તેવી શંકા કરી માર માર્યો હોવાનુ જાણવા મળ્યુ છે. આ અંગે યુનિવર્સિટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટના રૈયાધારમાં માવતરના ઘરે ગળેફાંસો પરિણીત યુવતીનો આપઘાત

રાજકોટ,

રાજકોટના નાના મવા રોડ પર સમૃધ્ધીનગર આવાસ યોજના ક્વાર્ટરમાં સાસરૂ ધરાવતી નવોઢાએ રૈયાધારમાં માવતરના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ છે. આઠ મહિના પહેલા જ તેણીના લગ્ન થયા હતાં.

વધુ વિગતો મુજબ રાજકોટના સમૃધ્ધીનગર આવાસ ક્વાર્ટર નં. ૪૮/૯માં રહેતી દિવ્યાબેન રણજીતભાઈ સોલંકી (ઉ.વ.૨૩) ગઈકાલે રૈયાધરા બાપા સિતારામ ગૌશાળા પાછળ સુખદેવ ટાઉનશીપ પાછળ રહેતાં પોતાના માવતરના ઘરે હતી ત્યારે દૂપટ્ટા વડે ગળાફાંસો ખાઈ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું મૃત્યુ થયું હતું આપઘાત કરનાર દિવ્યાબેનના લગ્ન આઠ મહિના પહેલા જ થયા હતાં. તેણીના પતિ રણજીતભાઈ ઓટો ગેરેજ ચલાવે છે.

ઉતરાયણનો તહેવાર કરવા તેણી માવતરે આવ્યા બાદ અહિ જ રોકાઈ હતી. ગઈકાલે પિતા, ભાઈ તેના કામે હતાં અને માતા નીરૂબેન પણ કામ કરવા ગયા હોઈ ત્યાં હતાં. ત્યાંથી તે દિકરીને ફોન જોડતાં હતાં પણ તે રિસીવ કરતી ન હોઈ તેમણે પોતાના ભાઈ નજીકમાં રહેતાં હોઈ તપાસ કરવાનું કહેતાં મામા ઘરે પહોંચ્યા ત્યારે ભાણેજ લટકતી હાલતમાં મળી હતી. આપઘાતનું કારણ જાણવા યુનિવર્સિટી પોલીસે તપાસ હાથ ધરી છે.